| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૦/૧૨/૨૦૨૪ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૫૯/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૯ લીટર દેશી દારૂ, ૧૭૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૮ બિયર ટીન, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૬૦/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૮૬૧/૨૦૨૪

**સાયબર ક્રાઇમઃ (૧)** લીના પ્રવિણચંદ્ર જોષી (ઉ.વ.૫૫) (રહે. અંકિત સોસાયટી રામવાડી ઇસનપુર) એ તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૪/૨૦૨૪ થી તા.૨૦/૦૫/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૧૩૧૦૪૮૨૮૩, ૭૦૮૫૨૨૨૪૭૮ ના ધારકોએ ફોન કરી પોતાનુ નામ Dr.Leandro Shapeley તથા Mr. Brown Steward નામ જણાવી તથા +૪૪૭૭૪૧૫૯૩૫૧૯ ના ધારકે મેસેજ કરી લીના પ્રવિણચંદ્ર જોષીનાઓના કુરીયરમાં ગિફ્ટ પાર્સલ મોકલેલ હોય જે પાર્સલ દિલ્હી એરપોર્ટ ઉપરથી છોડાવવા માટે અલગ-અલગ ટેક્ષ પેટે રૂપિયા ૫,૪૩,૫૦૦/- તથા રૂષીભાઇ મધુસુદન નાઓના રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૦૩,૫૦૦/- જુદાજુદા બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવડાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી.નકુમ ચલાવે છે.

**સાયબર ક્રાઇમઃ (૨)** શુભમ લલિતકુમાર ગોહેલ (ઉ.વ.૨૮) (રહે. સાહિત્ય હિલ એન્ડ આઇકોન ક્રોમા શો-રૂમ પાછળ નરોડા) એ તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા. ૧૧/૦૮/૨૦૨૪ થી તા.૨૪/૦૮/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૫૫૯૭૫૬૪૦૮ ના ધારકે ફોન કરી પોતાનુ નામ પ્રીયા કુલકર્ણી જણાવી ટાસ્ક પુરા કરવાથી કમિશન મળશે એવી લાલચ આપી ઘરે બેઠા પાર્ટ ટાઇમ નોકરી આપવાનું કહી વિશ્વાસમાં લઈ ટેલિગ્રામ ચેનલ એડમિનની લિંક https://t.me/YP_admin_Krupa મોકલી ટાસ્ક મોકલતા શુભમ ગોહેલ એ પુરા કરેલ ટાસ્ક પેટે કમિશન આપેલ, ત્યારબાદ ટાસ્ક પેટે કુલ રૂપિયા ૧૩,૪૯,૩૦૪/- તેઓના ખાતામાં ભરાવડાવી ટાસ્ક કરેલ કમિશનના પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૬૨/૨૦૨૪</u>**

રામોલઃ સુરેશભાઇ પરસોતમભાઇ ક્રિચ્ચન (ઉ.વ.૬૯) (રહે. શ્રીનંદ ડુપ્લેક્ષ સિધવાઇ મંદીર પાસે જીવનદીપ સ્કુલ સામે સી.ટી.એમ.રામોલ રોડ) એ તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૧/૨૦૨૪ બપોરના ૪/૦૦ થી તા.૧૯/૧૨/૨૦૨૪ સવારના ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૦૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.પી. સાવલીયા ચલાવે છે.

**નારોલઃ** અશોક નેનાજી તવર (ઉ.વ.૫૮) (રહે. ગંગોત્રીનગર રંગોલીનગર શાકમાર્કેટ પાસે નારોલ) એ તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૧/૨૦૨૪ કલાક ૦૦/૦૦ થી સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૬૫,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.સાંબડ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૬૩/૨૦૨૪</u>**

**ઓઢવઃ** નિકોલ કિયા શો-રૂમની પાછળ વૈભવ ચોકડી રામદેવ એસ્ટેટ દુકાન નંબર-૯ ખાતે એન ટેકસ ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસ પ્રા.લી નામની ટ્રાંસપોર્ટ કંપનીમાં મેનેજર તરીકે કામ કરતા રિષભભાઇ આદેશકુમાર પાલ એ તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૧/૨૦૨૪ કલાક ૦૦/૦૦ થી તા.૩૦/૧૧/૨૦૨૪ સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કંપનીમાંથી ઈલેક્ટ્રીક ચીજવસ્તુ વાળા પાર્સલમાંથી ૨૩ નંગ પાર્સલ કિમત રૂપિયા ૪,૯૮,૯૭૯/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.જામંગ ચલાવે છે.

**વેજલપુરઃ** ધર્મેશભાઇ મોતીલાલ સોની (રહે. વિભાવરી સોસાયટી વિભાગ-૩ સૈવાલી બસ સ્ટેન્ડ સામે વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ્ફ નોધાવી છે કે ધર્મેશભાઇ સોની પોતાના ઘરે સોનીનો ધંધો કરતા હોઈ (૧) પ્રવિણ હનુમાનપ્રસાદ સોની (ઉ.વ.૨૫) (રહે. નરસિહ ચોક ડીડવાડા નાગોર રાજસ્થાન) ધર્મેશભાઇ સોનીના ઘરે કારીગર તરીકે કામ કરતા હતા અને (૨) સુરેશભાઇ સોની તથા (૩) રીતીક સોની (બન્ને રહે.ચુરુ રાજસ્થાન) કારીગર તરીકે ધર્મેશભાઇ સોનીના ઘરે થોડા સમય પહેલાથી કામ કરતા હતા. તા.૧૮/૧૨/૨૦૨૪ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ત્રણેય કારીગર નાસ્તો કરવાના બહાને બહાર જઈને આવીએ તેમ કહી ટેબલના ડ્રોવરમાંથી સોનાનો હાર કિમત રૂપિયા ૨,૪૭,૫૦૦/-, સોનાની બુટી નંગ-૪ કિમત રૂપિયા ૧,૩૭,૫૦૦/- તેમજ કાચુ સોનુ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.બોરખતરીયા ચલાવે છે.

## પર્સ ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૮૬૪/૨૦૨૪

**માધવપુરાઃ** રીનાબહેન વા/ઓ રાકેશકુમાર જાંગીડ (ઉ.વ.૪૦) (રહે. માધવ આશ્રય સનરાઇઝ સ્કુલ પાછળ રેલનગર રાજકોટ) તા.૧૯/૧૨/૨૦૨૪ સવારના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના પરીવાર સાથે ઓટો રીક્ષામાં બેસી માધવપુરા પ્રેમ દરવાજા દરીયાપુર દરવાજા બી.આર.ટી.એસ રોડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટુ વ્હીલર ઉપર આવેલ બે પુરૂષ રીનાબહેનાની પુત્રીના હાથમાંથી હેન્ડ પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં સોનાનો ટીકો કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૫૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૭,૦૦૦/- તેમજ ત્રણ મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ રીનાબહેન જાંગીડ એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૮૬૫/૨૦૨૪

**એરપોર્ટઃ** સરદારનગર ભીલવાસ મહાકાળી માતાના મંદિરની પાસે રમેશદત કોલોની ખાતે રહેતા વિષ્ણુભાઈ બાબુભાઈ મકવાણા નાઓની સગીર વયની પુત્રી સરદારનગર આંબાવાડી પાણીની ટાંકી પાસે ભીલવાસ ખાતે રહેતા વિષ્ણુભાઈ મકવાણાના સંબંધીએ દત્તક રાખેલ હોય ત્યા જ રહેતી હતી. જેને અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૪ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે સરદારનગર આંબાવાડી પાણીની ટાંકી પાસે ભીલવાસ ખાતેના રહેણાંક ખાતે છતના લાકડાના પાટ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.મકવાણા ચલાવે છે.

**નરોડાઃ** રમકુબહેન કિશનલાલ પુરોહીત (ઉ.વ.૨૯) (રહે. આશિર્વાદ એવન્યુ શેલ્બી હોસ્પિટલ સામે નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૨/૨૦૨૪ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે સાતમા માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી.બી.વિહાત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી